

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 151
Dt.: 11-02-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

### કેન્દ્રએ જાહેર કર્યા નિયમ

## AIથી બનેલા ફેક વીડિયો સોશિયલ મીડિયા પરથી ૩ કલાકમાં હટાવવા પડશે

### AI દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ અને સદઉપયોગ ખૂબ વધી રહ્યો છે. ઘણીવાર છૈં દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે, ત્યારે સરકારે AIથી બનેલા કન્ટેન્ટને લઈને નવા નિયમો જાહેર કર્યા છે, જેની સીધી અસર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ કંપનીઓ પર પડશે. નવા નિયમ મુજબ હવે ઈન્ટરનેટ પરનું કોઈપણ કન્ટેન્ટ AI ટુલ્સથી બનેલું હશે તો તેના પર સ્પષ્ટ લેબલ લખવું ફરજીયાત કરાયું છે. નવા નિયમો ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૬થી લાગુ થશે.જયારથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત થઈ છે, ત્યારથી AI ટુલ્સથી ડીપફેક વીડિયો, નકલી ફોટાઓ અને નકલી ઓડિયો બનાવવાની સામગ્રીમાં વધારો થયો છે અને આવા કન્ટેન્ડ ઈન્ટરનેટ પર ઝડપથી ફેલાઈ રહ્યા છે. આવા કન્ટેન્ટ અસલી છે કે નકલી, તે યુઝર્સ માટે જાણવા મુશ્કેલ હોય છે. ત્યારે આજ કારણે સરકારનું માનવું છે કે, તેનાથી ખોટી માહિતી ફેલાઈ રહી છે, કેટલાકની બદનામી થઈ રહી છે, છેતરપિંડીની ઘટનાઓ પણ વધી છે. આ સમસ્યાનું નિવારણ લાવવાના પ્રયાસો હેઠળ નવા નિયમો લાવવામાં આવ્યા છે.

કોમ્પ્યુટર અથવા અલ્ગોરિધમ દ્વારા ઓડિયો, વીડિયો, ફોટો અથવા વિઝ્યુઅલ બનાવીને તેને ઈન્ટરનેટ પર શેર કરવામાં આવે છે અને આવા કન્ટેન્ટ સંપૂર્ણ અસલી લાગતા હોય છે, ત્યારે આવી ગેરમાર્ગે દોરનારી સામગ્રીને અટકાવવી ખૂબ જરૂરી છે, તેથી જ કેન્દ્ર સરકારે કૃત્રિમ સામગ્રીની સ્પષ્ટ પરિભાષા જાહેર કરી છે.

નવા નિયમો મુજબ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે છૈંથી બનેલા ફેક અને ગેરકાયદે કન્ટેન્ટ માત્ર ત્રણ કલાકની અંદર હટાવવા પડશે. અગાઉ આ સમયગાળો ૩૬ કલાકનો હતો. જો કોઈ ડીપફેક વીડિયો, નકલી ડોક્યુમેન્ટ અથવા ભડકાઉ AI કન્ટેન્ટ ફેલાઈ રહ્યું છે, તો પ્લેટફોર્મ્સે તાત્કાલીક કાર્યવાહી કરીને તેને હટાવવું પડશે. સરકારનું માનવું છે કે, આમાં વિલંબ થવાના કારણે તે ઘણું ફેલાઈ જાય છે.

નવા નિયમોમાં એવું પણ કહેવાયું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ દર ત્રણ કલાકે યુઝર્સના નિયમોની માહિતી આપવી પડશે. આમાં યુઝર્સને સ્પષ્ટ કહેવામાં આવશે કે, જો AIથી બનેલું ગેરકાયદે અથવા વાંધાજનક કન્ટેન્ટ શેર કરશો તો તેમના વિરુદ્ધ AI એક્ટ, નવા ફોજદારી કાયદા, POCSO અને અન્ય એક્ટ હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ એવા ટૂલ્સ લગાવવા પડશે જે AI દ્વારા બનાવવામાં આવેલા કન્ટેન્ટની ઓળખ કરી શકે. આવા કન્ટેન્ટ પર સ્પષ્ટ લેબલ દેખાવું જોઈએ. તેની સાથે એક ડિજિટલ ઓળખ અથવા મેટાડેટા જોડવો પડશે જેને હટાવી ન શકાય. આનો ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ AI કન્ટેન્ટ ઓળખ વગર ફેલાય નહીં.

કેટલાક કન્ટેન્ટ મામલે ખાસ કડકાઈ દાખવવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે બાળકો સાથે જોડાયેલ યૌન સંબંધીત કન્ટેન્ટ, મંજૂરી વગરની પ્રાઈવેટ તસવીરો અથવા વીડિયો, નકલી ડોક્યુમેન્ટ, હથિયારો અથવા હિંસા દેખાડતા કન્ટેન્ટ તાત્કાલીક બ્લોક અથવા હટાવવા પડશે. આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ અથવા ઘટનાના ડીપપેક વીડિયો સામે પણ આવી જ કાર્યવાહી કરવી પડશે. જો આમાં બેદરકારી દાખવવામાં આવશે તો કંપનીઓ સામે કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છો.

સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, નવા નિયમોના કારણે નકલી અહેવાલો, ડીપફેક અને ભ્રામક પ્રચાર ફેલાતો અટકાવી શકાશે. આનાથી યુઝર્સનો ઓનલાઈન પ્લેટફોર્મ પર વિશ્વાસ વધશે. બીજીતરફ કંપનીઓ સામે નવો પડકાર ઉભો થયો છે. આ માટે તેમણે ટેકનોલોજીમાં મોટાપાયે રોકાણ કરવું પડશે. તેઓએ છૈં કન્ટેન્ટને ઓળખતી સિસ્ટમ બનાવવી પડશે.

દરેક પોસ્ટ પર નજર રાખવું સરળ કામ નથી. જોકે કેન્દ્ર સરકારનું વલણ સ્પષ્ટ છે કે, હવે AIથી બનેલા કન્ટેન્ટ પર ગંભીરતાથી ધ્યાન આપવામાં આવશે.

સોશિયલ મીડિયા પર જે કન્ટેન્ટ ફરી રહ્યું છે, તેની જવાબદારી માત્ર યુઝર્સની જ નહીં, પ્લેટફોર્મ્સની પણ છે.

---

### વિપક્ષનું વર્તન લોકશાહી માટે શરમજનક

## ભાજપના મહિલા સાંસદોએ વિપક્ષી વર્તન સામે વ્યક્ત કરી નારાજગી

### આ પત્રમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગૃહમાં બનેલી ઘટનાઓને લોકતાંત્રિક ઈતિહાસની સૌથી કાળી ક્ષણ' ગણાવવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સંસદના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના સાંસદો દ્વારા કરવામાં આવેલા હોબાળા અને અશોભનીય વર્તન મામલે હવે રાજકારણ ગરમાયું છે. ભાજપના મહિલા સાંસદોએ આ મામલે સખત નારાજગી વ્યક્ત કરતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને એક પત્ર લખીને વિપક્ષી સાંસદો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ પત્રમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગૃહમાં બનેલી ઘટનાઓને 'લોકતાંત્રિક ઈતિહાસની સૌથી કાળી ક્ષણ' ગણાવવામાં આવી છે. ભાજપના મહિલા સાંસદોએ પત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્યોએ ગૃહની તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. આ સાંસદો માત્ર ગૃહના 'વેલ'માં જ નહોતા ઘૂસ્યા, પરંતુ ગૃહના ટેબલ પર ચઢી ગયા હતા અને સરકારી દસ્તાવેજો ફાડીને અધ્યક્ષની ખુરશી તરફ ફેંક્યા હતા. પત્રમાં લખવામાં આવ્યું છે કે વિપક્ષના આ પ્રકારના કૃત્યથી આપણી લોકતાંત્રિક સંસ્થાઓની છબી ખરડાઈ છે. આ ઉપરાંત, પત્રમાં ખાસ કરીને કેટલીક મહિલા વિપક્ષી સાંસદોના આક્રમક વર્તન અને સત્તાધારી પક્ષની બેઠકો સુધી ઘૂસી આવવા સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ભાજપના સાંસદોનો દાવો છે કે વિપક્ષી સભ્યોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને વડાપ્રધાનની સીટને ઘેરી લીધી હતી અને વરિષ્ઠ મંત્રીઓ સુધી પહોંચી ગયા હતા. એટલું જ નહીં, ગૃહ સ્થગિત થયા બાદ પણ વિપક્ષી સાંસદો અધ્યક્ષના ચેમ્બર તરફ ધસી ગયા હતા અને ત્યાં પણ હોબાળો કરીને અધ્યક્ષનું ઘોર અપમાન કર્યું હોવાના આક્ષેપ ભાજપની મહિલા સાંસદોએ કર્યા છે.

---

## એપસ્ટિન ફાઈલ્સના કારણે યુકેના રાજકારણમાં ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)બ્રિટન,

બ્રિટનના રાજકારણમાં અત્યારે ભારે ખળભળાટ મચી ગયો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મર કુખ્યાત ગુનેગાર જેફરી એપ્સ્ટિન સાથે જોડાયેલા વિવાદને કારણે ચોતરફથી દબાણમાં છે. આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે, કારણ કે મેન્ડલસનના એપ્સ્ટિન સાથેના સંબંધોના દસ્તાવેજો સામે આવ્યા છે. આ મામલે સ્ટાર્મરે પહેલા માફી માંગી હતી અને સાંસદો પાસે કાર્યકાળ પૂરો કરવા માટે સમર્થન માંગ્યું હતું, પરંતુ હવે તેમના સૂર બદલાયા છે. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે તેઓ વડાપ્રધાન પદ પરથી રાજીનામું નહીં આપે અને છેલ્લા શ્વાસ સુધી આ વિવાદ સામે લડત આપશે.જોકે, લેબર પાર્ટીની અંદરથી જ સ્ટાર્મર સામે બળવો ફાટી નીકળ્યો છે. અનેક સાંસદો અને સ્કોટલેન્ડમાં પાર્ટીના નેતા એનાસ સરવરે પણ નેતૃત્વ પરિવર્તનની માંગ કરી છે. વિરોધ પક્ષો પણ કહી રહ્યા છે કે સ્ટાર્મરના ખોટા નિર્ણયોને કારણે દેશની સાખને નુકસાન થયું છે. આ દબાણ વચ્ચે સ્ટાર્મરે બંધ બારણે બેઠક યોજી હતી, જેમાં તેમણે આક્રમક રીતે કહ્યું હતું કે તેઓ કોઈ પણ સંજોગોમાં મેન્ડેટથી પાછળ હટશે નહીં. આ બેઠક બાદ ડેપ્યુટી પીએમ ડેવિડ લેમી અને વિદેશ મંત્રી યવેટ કૂપર જેવા મોટા નેતાઓએ જાહેરમાં સ્ટાર્મરને ટેકો જાહેર કર્યો છે. બીજી તરફ, આ વિવાદની ગંભીરતાને જોતા પોલીસ હવે પીટર મેન્ડલસન વિરુદ્ધ જાહેર પદના દુરુપયોગના શંકાસ્પદ આરોપો હેઠળ તપાસ કરી રહી છે. વડાપ્રધાનના નજીકના સાથી અને ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીએ પહેલેથી જ આ નિમણૂકની જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે.

---

### મહાયુતિએ ૭૩૧ માંથી ૫૫૨ બેઠકો જીતી

## જિલ્લા પરિષદની ચૂંટણીમાં ભાજપનો પ્રચંડ વિજય

### મહારાષ્ટ્રમાં નાગરિક ચૂંટણીઓ પછી ભાજપે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓમાં પણ જંગી જીત મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ,

મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાં ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓમાં કુલ ૭૩૧ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપે ૨૨૫ બેઠકો જીતી હતી.

મતદાનમાં ભાજપ ૧૬૫ બેઠકો સાથે આગળ રહ્યું, ત્યારબાદ ૧૬૫ બેઠકો સાથે એનસીપી બીજા સ્થાને રહ્યું. શિવસેના ૧૬૨ બેઠકો સાથે ત્રીજા સ્થાને રહી. મહારાષ્ટ્રમાં નાગરિક ચૂંટણીઓ પછી ભાજપે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓમાં પણ જંગી જીત મેળવી.

મહારાષ્ટ્રમાં ૭૩૧ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓમાં મહાયુતિ ગઠબંધને ૫૫૨ બેઠકો જીતી.

આ ચૂંટણીઓ માટે મતદાન ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ થયું હતું. જેમાં આશરે ૬૭ થી ૭૦ ટકા મતદાન થયું હતું.

મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીમાં કુલ ૭,૪૩૮ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. તેમના રાજકીય ભવિષ્યનો નિર્ણય સોમવારે લેવામાં આવ્યો હતો. ૧૨ જિલ્લાઓમાં ૭૩૧ જિલ્લા પરિષદ બેઠકો અને ૧૪૬૨ પંચાયત સમિતિ બેઠકો માટે મતદાન યોજાયું હતું. જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી દરમિયાન ગ્રામીણ વિસ્તારોના મતદારોમાં નોંધપાત્ર મતદાન ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકોએ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

---

### ગેરકાયદે ટ્રાન્ઝેક્શન અટકાવવામાં બેંકોની નિષ્ફળતા સામે સવાલ

## ૫૪૦૦૦ કરોડના ડિજિટલ ફ્રોડ સરકારની બેદરકારી : સુપ્રીમ

### બેંક ખાતામાં શંકાસ્પદ વ્યવહારો થતા પહેલા ગ્રાહકો અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોને એલર્ટ કેમ નથી મોકલાતી?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ડિજિટલ અરેસ્ટને રોકવામાં નિષ્ફળતા મુદ્દે આકરા સવાલો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે ગ્રાહકો દ્વારા જીવનભરની કમાણી બેંક્રોમાં જમા કરાવવામાં આવે છે જેને તેઓ ગુમાવી રહ્યા છે.

એવા સમયે શંકાસ્પદ લેનદેનને સમયસર પકડીને અટકાવવામાં કેમ નથી આવી રહી? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમને જણાવ્યું હતું કે મામલાઓના ડેટા એકઠા કરાઇ રહ્યા છે અને એસઓપી તૈયાર કરવામાં આવી રહી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મળેવી જાણકારી મુજબ ૫૪૦૦૦ કરોડથી વધુની રકમ ફ્રોડથી મેળવીને વિદેશ મોકલી દેવામાં આવી છે.

ડિજિટલ અરેસ્ટના કેસોને ગંભીરતાથી ના લેવા બદલ સુપ્રીમ કોર્ટે વિવિધ બેંક્રોનો ઉધડો લીધો હતો, સાથે જ સવાલ કર્યો હતો કે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનોને સમયસર કેમ નથી ઓળખી શકાતા, ગ્રાહકો પોતાના જીવનભરની કમાણી ગુમાવી રહ્યા છે, શું બેંક્રોની કામ કરવાની ગુણવત્તા આવી જ છે? સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે સવાલ કર્યો હતો કે સરકારી અને ખાનગી બન્ને બેંક્રો ગ્રાહકોની ફરિયાદ પર સમયસર કાર્યવાહી કેમ નથી કરી રહી? જ્યારે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થાય છે ત્યારે ગ્રાહકો અને સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોમાં એલર્ટ કેમ નથી મોકલવામાં આવતા? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ડિજિટલ અરેસ્ટ મામલાઓને પહોંચી વળવા માટે એસઓપી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હાલ અંતિમ રુપે પહોંચી ગઇ છે ટૂંક સમયમાં તેનો અમલ કરી દેવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ગૃહ બાબતોના મંત્રાલયને કહ્યું હતું કે તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંગે વિચારે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંક્રો દ્વારા ફરિયાદો પર કરવામાં આવી રહેલી કાર્યવાહીને લઈને એક ડ્રાફ્ટ એસઓપી તૈયાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કહ્યું છે કે ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તૈયાર કરેલા એસઓપીને સત્તાવાર રીતે અપનાવવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે. સાથે જ પીડિત ગ્રાહકોના ખાતામાંથી ફ્રોડ દ્વારા લઇ લેવામાં આવેલી રકમને પરત મેળવવા માટે વિવિધ એજન્સીઓ વચ્ચે તાલમેલ બેસાડવામાં આવે તેવા આદેશ પણ કર્યા હતા.

સુપ્રીમ કોર્ટમાં એમિકસ ક્યૂરીએ કહ્યું હતું કે બેંક્રો એવુ કહીને વળતર આપવાનું ટાળે છે કે પીડિતોએ સ્વેચ્છાએ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે.

આરબીઆઇનો એઆઇ ટૂલ મ્યૂલ હન્ટર ૮૬ બેંક્રોમાં લાગુ થઇ ચુક્યો છે. જોકે હજુસુધી ગેરકાયદે ટ્રાન્ઝેક્શનનોને ઝડપતી પકડી લેવા માટે કોઇ ખાસ એઆઇ ટૂલ અમલમાં નથી આવ્યું. જ્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ૫૪૦૦૦ કરોડ રૂપિયા ફ્રોડથી મેળવીને વિદેશ મોકલી દેવામાં આવ્યા, દૈનિક રીતે ઓપરેટ થતા બેંક ખાતાઓ પર શંકા ના જાય તે સ્વાભાવીક છે પરંતુ પેન્શન મેળવનારા, નિવૃત થયેલા લોકોના બેંક ખાતાને નિશાન બનાવાય છે અને તેમની જીવનભરની કમાણી ખાતામાંથી લઈ લેવાય છે તે સમયે બેંક્રો શું કરતી હોય છે. કેમ આ ટ્રાન્ઝેક્શનોને સમયસર નથી ઓળખી લેવાતા કે અટકાવી નથી શકાતા?

---

### ઉખરૂલમાં હિંસા બાદ કરફ્યુનો આદેશ, ૫ દિવસ માટે ઈન્ટરનેટ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર,

મણિપુરમાં ફરીથી હિંસા ભડકતા સુરક્ષા એજન્સીઓની ચિંતા વધી છે. મહિનાઓ સુધી હિંસાગ્રસ્ત રહ્યા બાદ થોડા દિવસથી મણિપુરમાં શાંતિ હતી. પરંતુ હવે ઉખરુલના એક ગામમાં અનેક ઘરો પર હુમલો કરી આગચંપી કરવામાં આવી છે.

લિટન સારેઈખોંગ ગામમાં આગચંપી અને હિંસા બાદ સમગ્ર ઉખરુલ જિલ્લામાં કરફ્યુ લગાવવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈન્ટરનેટ સેવાઓ પણ પાંચ દિવસ માટે રદ કરી દેવામાં આવી છે. હિંસક તત્વોએ પર્વતીય વિસ્તારોમાં હવામાં ફાયરિંગ પણ કર્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. કેટલાક ગ્રામીણો ઘર છોડીને સુરક્ષિત સ્થાનો પર પલાયન કરી ગયા. ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાતાં તાત્કાલિક ધોરણે ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા.

સમગ્ર મામલે તંત્ર કહી રહ્યું છે કે શનિવારે રાત્રે ગામ પાસે સાત-આઠ લોકોએ એક વ્યક્તિને ઢોર માર માર્યો. જે બાદ સમાધાન કરાવવાના પ્રયાસ કરવામાં આવ્યા. રવિવારે બેઠક મળવાની હતી પણ એ પણ થઈ શકી નહીં. જે બાદ સોમવારે અડધી રાતે હથિયારો સાથે આવેલા હુમલાખોરોએ એક વિશેષ સમુદાયના લોકોના ઘરોમાં આગ લગાવી દીધી. પછી તે સમુદાયના લોકોએ પણ સામેપક્ષે આગચંપીના પ્રયાસો કર્યા.



# તંત્રી લેખ......

## શિક્ષકો પેનથી નહીં પણ કોમ્પ્યુટર પર પેપર ચેક કરશે

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ આગામી બોર્ડ પરીક્ષાઓ માટે મૂલ્યાંકન પ્રક્રિયાને વધુ પારદર્શક, સચોટ અને આધુનિક બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. ૨૦૨૬ની ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષાઓના પેપર હવે પેન અને કાગળનો ઉપયોગ કરવાને બદલે ડિજિટલ સ્ક્રીન પર ચેક કરવામાં આવશે. ઝમ્જીઈએ આ નિર્ણય મુખ્યત્વે પરિણામોમાં માનવીય ભૂલો ઘટાડવા અને મૂલ્યાંકન પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે લીધો છે.

આ CBSEની નવી ડિજિટલ અસેસમેન્ટ પ્રક્રિયા છે, જે હાલમાં ૧૨માની બોર્ડ પરીક્ષાના પેપર ચેક કરવા માટે લાગુ અપનાવવામાં આવશે. તેનાથી ઉત્તરવહીઓને જૂના ફિઝિકલ મોડને બદલે કમ્પ્યુટર સ્ક્રીન પર ચેક કરવામાં આવશે. પરીક્ષા બાદ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ સ્કેન કરવામાં આવશે અને ડિજિટલ ફાઈલોમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ ડિજિટલ ફાઈલને પરીક્ષકો અથવા શિક્ષકો પોતાના કમ્પ્યુટર સ્ક્રીન પર ઓપન કરીને ચેક કરી શકશે. આ પ્રક્રિયામાં સ્ક્રીન પર જ માર્કિંગ થશે, દરેક સવાલ માટે માર્ક્સ ઉમેરવામાં આવશે અને સિસ્ટમ ઓટોમેટિક ઓવર માર્ક ઉમેરી લેશે.દેશભરના લાખો વિદ્યાર્થીઓ માટે આ રાહતના સમાચાર છે. ઘણીવાર એવું જોવા મળ્યું હતું કે ફિઝિકલ ચેકિંગ દરમિયાન ક્યારેક કોઈ પાના અજાણતામાં ચેક કર્યા વિના છૂટી જતા હતા અથવા માર્કસની ગણતરીમાં ગરબડ થઈ જતી હતી.

સટીક પરિણામ

ડિજિટલ સિસ્ટમ એ સુનિશ્ચિત કરશે કે, દરેક સવાલના માર્ક નોંધઈ. કોઈ પણ સવાલ ચેક કર્યા વિના છૂટી ન જાય.

ઝડપી પરિણામ

મેન્યુઅલ ડેટા એન્ટ્રીની જરૂર ન હોવાના કારણે બોર્ડ ઝડપથી પરિણામો જાહેર કરી શકશે.પારદર્શિતા

પુનઃમૂલ્યાંકનની સ્થિતિમાં ડિજિટલ રેકોર્ડ હોવાથી પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બનશે.

શિક્ષકો માટે સ્પેશિયલ ટ્રેનિંગઆ નવી સિસ્ટમ લાગુ કરવા માટે CBSEએ શિક્ષકો ટ્રોનિંગ માટેની યોજના પણ તૈયાર કરી છે. મૂલ્યાંકન કેન્દ્રો પર ઉચ્ચ-ક્ષમતાવાળા કમ્પ્યુટર્સ અને ઈન્ટરનેટની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષકોને સોફ્ટવેરનો ઉપયોગ કેવી રીતે કરવો તે જણાવવામાં આવશે અને ડિજિટલ માર્કિંગ દરમિયાન કઈ બાબતોનું ધ્યાન રાખવું તે પણ જણાવવામાં આવશે. બોર્ડનું માનવું છે કે, આ ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી સમયની બચત તો થશે જ પરંતુ મૂલ્યાંકનની ગુણવત્તામાં પણ સુધારો થશે. આ ફેરફાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) હેઠળ શિક્ષણ પ્રણાલીને ડિજિટાઈઝ કરવાની દિશામાં એક મોટું પગલું છે.

### હું હંમેશાં માનું છું કે સફળતા આંતરિક હોય છે

## અફવાઓ અને નકારાત્મકતામાંથી તારા માનસિક શાંતિ મેળવતા શીખી : તારા સુતરિયા

### તારા અને વીરે ૨૦૨૫થી એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યુ હતું. બંને ઘણા પ્રસંગો અને કાર્યક્રમોમાં જાહેર સ્થળોએ સાથે જોવા મળતાં હતાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

તારા સુતારિયાએ બ્રેક અપની ચર્ચાઓ વચ્ચે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં માનસિક શાંતિના મહત્વ અને નકારાત્મકતાથી પોતાની જાતને કઈ રીતે બચાવવી તે અંગે ખુલાસો કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી તારા કામ કરતાં વધુ પોતાનાં અંગત જીવનને લઈને ચર્ચામાં રહી છે. બોલિવૂડ એક્ટર વીર પહારિયા સાથેના તેનાં સંબંધોને લઈને ઘણી અટકળો અને ચર્ચાઓ વહેતી થઈ છે. બંનેએ ક્યારેય તેમના સંબંધનો સત્તાવાર સ્વીકાર કર્યો નહોતો. તેમ જ બ્રેકઅપના સમાચાર પણ માત્ર અફવાઓ જ ગણાવાયા છે.તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તારા પોતાના અંગત જીવનને લઈને ચાલી રહેલી ચર્ચાઓ પર સીધી વાત કરવાથી દૂર રહી, પરંતુ આસપાસની નકારાત્મકતા વચ્ચે માનસિક શાંતિ શોધવા અને પોતાની જાતને બચાવવા અંગેના તેમાં વિચારો વ્યક્ત કર્યા.ઈન્ટરવ્યુમાં તારાએ પોતાની કારકિર્દી, પબ્લિક ઈમેજ અને અંગત જીવન વચ્ચે સંતુલન સાધવાની વાત કરી. તેણે જણાવ્યું કે સમય સાથે તેણે "પોતાની શાંતિને કેવી રીતે બચાવી રાખવી તે શીખી લીધું છે." તારાએ કહ્યું, "હું હંમેશાં માનું છું કે સફળતા આંતરિક હોય છે. મનની શાંતિ, મને પ્રેમ કરતાં કેટલાંક લોકો, પોતાની જાતને ઓળખવી — એ જ મારું લક્ષ્ય રહ્યું છે. મેં અનેક વખત કામ કરતાં પણ મારા મૂલ્યોને પ્રાથમિકતા આપી છે. હું કોઈ ફિલ્મ છોડવાનું પસંદ કરી શકું, પરંતુ પોતાની જાતને ખોઈ શકું નહીં." તારાએ સ્વીકાર્યું કે એક્ટર હોવાને કારણે અંગત અને વ્યાવસાયિક જીવન અંગે અનેક પ્રકારની અટકળો ચાલતી રહે છે, પરંતુ તેણે ક્યારેય દરેક વાત પર સ્પષ્ટતા કરવાની જરૂરિયાત અનુભવી નથી.

તેણે ઉમેર્યું, "જ્યાં સુધી મને હકિકત ખબર છે અને મારા અંગત લોકોને પણ ખબર છે, એટલું મારા માટે પૂરતું છે."તારા અને વીરે ૨૦૨૫થી એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યુ હતું. બંને ઘણા પ્રસંગો અને કાર્યક્રમોમાં જાહેર સ્થળોએ સાથે જોવા મળતાં હતાં. તાજેતરમાં, એક કોન્સર્ટ દરમિયાન ગાયક એ.પી. ધિલ્લોન સાથે સ્ટેજ પર ડાન્સ કરવા બદલ તારાને ટ્રોલ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર બનેલા મીમ્સ બાદ તારાએ આ ઘટનાને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી પેઈડ પી.આર. કેમ્પેઈન ગણાવી હતી.તારાએ લખ્યું હતું, "ખોટી વાર્તાઓ, ચાલાક એડિટિંગ અને પેઈડ પી.આર. કેમ્પેઈન અમને હલાવી પણ શકશે નહીં. અંતે પ્રેમ અને સત્ય જ જીતે છે. એટલે મજાક તો અમારી મજાક કરવાવાળીની જ થઈ રહી છે." આ પોસ્ટ પર પ્રતિસાદ આપતાં એ.પી. ધિલ્લોએ "ક્વીન" લખ્યું હતું, જ્યારે વીર પહારિયાએ લાલ દિલ અને આગના ઈમોજી સાથે પ્રતિભાવ આપ્યો હતો. આ પછી થોડા જ દિવસોમાં તારા અને વીર વચ્ચે બ્રેકઅપ થયાની અફવાઓ ફેલાઈ હતી, પરંતુ બંનેમાંથી કોઈએ પણ હજી સુધી આ અંગે જાહેર રીતે કંઈ કહ્યું નથી.કામની વાત કરીએ તો, તારા હાલમાં પોતાની આગામી ફિલ્મ 'ટૉક્સિક'ની રિલીઝની રાહ જોઈ રહી છે. ગીતુ મોહનદાસે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં યશ લીડ રોલમાં છે. સાથે જ ફિલ્મમાં નયનતારા, હુમા કુરેશી, કિયારા અડવાણી અને રુક્મિણી વસંત પણ મહત્વનાં રોલમાં જોવા મળશે. આ કન્નડ-અંગ્રેજી બે ભાષામાં તૈયાર થયેલી ફિલ્મ ૧૯ માર્ચના રોજ થિએટર્સમાં રિલીઝ થવાની છે.

### રનવીરે ડોન ૩ છોડી દેતાં એક્સેલ એન્ટરટેઈન્મેન્ટને મોટું નુકસાન થયું

## રનવીર સિંહ પાસે ફરહાનના પ્રોડક્શન હાઉસે ૪૦ કરોડની માગણી કરી

### મારું જીવન ક્યારેક બહુ જ અસ્તવ્યસ્ત બની જાય છે અને ત્યારે મને શાંતિ, શાંત અને સ્થિર ક્ષણોની તરસ લાગે છે : રનવીર સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

છેલ્લા લાંબા સમયથી રનવીરે ફરાહન અખ્તરની ડોન ૩ છોડી હોવાની ચર્ચાઓ ચાલી હતી પરંતુ આ અંગે એક પણ પક્ષ તરફથી કોઈ જ સ્પષ્ટતા થઈ નહોતી. ત્યારે હવે આ વાત સપાટી પર આવી ગઈ છે. ફરહાન અખ્તરના એક્સેલ એન્ટરટેઈન્મેન્ટે રનવીર સિંહ પાસેથી ૪૦ કરોડ માગ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા છે. તેમનો દાવો છે કે રનવીરના કારણે કંપનીને ફિલ્મના પ્રી પ્રોડક્શનનો ખર્ચ, શિડ્યુલિંગમાં વારંવારનો વિલંભ અને તેના પ્લાનિંગ પાછળ થયેલા ખર્ચ બદલનું વળતર માગ્યું છે. એક્સેલ દ્વારા રનવીરને મોકલાયેલા લેટરમાં એવું પણ કહેવાયું છે કે રનવીરના વારંવારના વિલંબના કારણે કંપનીએ તેમના ક્રૂના ઘણા લોકોને જવા દેવા પડ્યા અને તેમણે બહાર કામ માગવું પડ્યું.આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "રનવીરનો દાવો છે કે તેણે ફિલ્મ છોડી કારણ કે તેને સ્ક્રિપ્ટ ગમી નહોતી. તેણે ટીમને વંરાવાર સ્ક્રીપ્ટમાં ફેરફાર કરવા કહ્યું પરંતુ તેને ફાઈનલ ડ્રાફ્ટથી સંતોષ ન થયો. બીજી તરફ એક્સેલનો દાવો છે કે રનવીરે ફિલ્મ કરવાની હા પાડી પછી જ તેમણે પ્રી પ્રોડક્શનનું કામ શરૂ કર્યું હતું."એવા પણ અહેવાલો છે કે રનવીર સિંહ અને એક્સેલ એન્ટરટેઈન્મેન્ટની ટીમ વચ્ચે શુક્રવારે બે કલાક લાંબી મીટિંગ યોજાઈ હતી. પરંતુ આ ચર્ચાનું કોઈ નિરાકરણ આવ્યું નહોતું. જવાબદેહી અને આર્થિક જવાબદારીઓ અંગે તેમના વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થઈ હતી, પરંતુ કોઈ નિરાકરણ આવ્યું નથી. હવે તેમાં કેટલાંક લોકો મધ્યસ્થી કરી રહ્યા છે અને બંને પક્ષો એક મુદ્દા પર સહમત થાય એવી કોશિશ કરી રહ્યા છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર પણ ઘણી ચર્ચા થઈ રહી હતી. બંનેના પક્ષે ટીકા અને ચર્ચાઓ થતા રહ્યા છે.આ ચર્ચાઓ અને વિવાદ વચ્ચે રનવીરનો એક ઈન્ટરવ્યુ પણ ચર્ચામાં છે, જેમાં દમદાર અભિનય અને અનોખા અંદાજ માટે જાણીતા એક્ટર રનવીર સિંહએ સ્વીકાર્યુ છે કે કેમેરાની ચકાચૌંધથી દૂર, તે ઘણીવાર શાંતિ અને સ્થિરતાની શોધમાં રહે છે. રનવીરનું કહેવું છે કે તેનું જીવન "ક્યારેક ખૂબ જ ક્રેઝી બની જાય છે" અને એવા સમયમાં તેને શાંતિ, નિર્ભરતા અને નિઃશબ્દ ક્ષણોની તીવ્ર જરૂરિયાત અનુભવાય છે.ધુરંધરની સફળતા પછી આપેલા એક ઈન્ટરવ્યુમાં રનવીરે જણાવ્યું કે કેટલીક વખત તેને થોડી ક્ષણો માટે અટકવાની, પોતાને ફરીથી રીસેટ કરવાની અને પોતાની લાગણીઓ તથા પોતાના શોખ સાથે ફરી જોડાવાની જરૂર પડે છે. તેના માટે પ્રવાસ અને મુસાફરી એ જરૂરી બ્રેક બની જાય છે.રનવીરે કહ્યું, "મારું જીવન ક્યારેક બહુ જ અસ્તવ્યસ્ત બની જાય છે અને ત્યારે મને શાંતિ, શાંત અને સ્થિર ક્ષણોની તરસ લાગે છે. એવી શાંતિ, જ્યાં હું ફરીથી પોતાને સાંભળી શકું, મારા શોખ સાથે જોડાઈ શકું અને તણાવને ઓગળી જતો અનુભવી શકું."પોતાના બોલ્ડ અને લાર્જર-ધેન-લાઈફ વ્યક્તિત્વ માટે ઓળખાતા રનવીરે જણાવ્યું કે મુસાફરી દરમિયાન તેની એક અલગ જ છબિ સામે આવે છે. તેને લોકો, પરંપરાઓ અને વિવિધ પ્રદેશોની જીવનશૈલીઓને સમજવામાં ખૂબ જ ઊંડી રુચિ છે.

## પંકજ ત્રિપાઠીનો બોલિવૂડમાં બ્રેક લેવાનો મોટો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

બેસ્ટ એક્ટિંગ મામલે બોલિવૂડ અભિનેતા પંકજ ત્રિપાઠીનું નામ ખુબ જાણીતું છે. જોકે હવે તેમણે બોલિવૂડમાં બ્રેક લેવાનો મોટો નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક સુપરહિત ફિલ્મ આપીને ચાહકોમાં જબરદસ્ત નામ ઉભુ કરનાર પંકજ ત્રિપાઠીએ બ્રેક લેવા મામલે જાહેરમાં વાત કરી છે. પંકજ ત્રિપાઠીએ કહ્યું છે કે, તેમણે ઈમાનદારી બોલિવૂડમાં બ્રેક લેવાનો નિર્ણય લીધો છે. ફિલ્મો અને સિરીઝોમાં સતત કામ કર્યા બાદ તેમને અનુભવ થયો છે કે, તેમના અગાઉ જે ઉત્સાહ હતો, તે હવે ઘટવા લાગ્યો હતો.મીડિયા રિપોર્ટ મુજબ પંકજ ત્રિપાઠીએ પોતાની એક્ટિંગમાંથી બ્રેક લેવા પર વાત કરી છે. તેમણે કહ્યું કે, 'હું સતત પ્રોજેક્ટો પર કામ કરી રહ્યો હતો, જેનાથી મને થાક અને કંટાળાનો અનુભવ થતો હતો. મને મારા કામમાં મજા આવી રહી નથી, તેથી મારા માટે એક બ્રેક લેવો ખુબ જરૂરી હતો. હવે હું વધુ સિલેક્ટીવ થઈ ગયો છું અને મને ઉત્સાહિત કરે તેવા જ કામ કરવા માટે ઘરેથી નિકળું છું. હવે હું તે તમામ પ્રોજેક્ટો કરવા માંગતો નથી, જે મારી પાસે આવે છે.'પંકજે વધુમાં કહ્યું કે, 'હું જે જિંદગીના તબક્કામાં છું, તેમાં માત્ર એક્સાઈટમેન્ટ અને આર્ટિસ્ટિક સેટિસ્ફેક્શન માટે એક્ટિંગ કરવા માંગું છું.

હું માત્ર ઘર ચલાવવા કે ઈએમઆઈ ભરવા માટે આ કામ ન કરી શકું. હું એ કરવા અને જોવા ઈચ્છું છું, જે લાંબા સમયમાં મને સફળ બનાવે.' ઉલ્લેખનીય છે કે, પંકજે વર્ષ ૨૦૨૫માં માત્ર એક ફિલ્મ 'મેટ્રો... ઈન દિનો' અને વેબ સિરીઝ 'ક્રિમિનલ જસ્ટિસઃ એ ફેમિલી મેટર'માં જોવા મળ્યા હતા.તેમણે વધુમાં કહ્યું કે, 'હું ધીમી જિંદગીને દોડાવવા માંગતો હતો, જોકે હું જ ઝડપી જિંદગીમાં ફસાઈ ગયો. ખાસ કરીને કોવિડી પહેલા અને તે પછીના તબક્કામાં... મને અહેસાસ થયો કે, એક એક્ટરે પોતાના હથિયારનો ઉપયોગ ઘણું વિચારીને કરવો જોઈએ. હવે મારા પર વધુ જવાહદારી નથી. મેં વિચાર્યુ કે, મારે માત્ર તે કહાનીઓ સાથે જોડાયેલું રહેવું જોઈએ, જે મને ઉત્સાહિત કરે. સતત ૩૦ દિવસ સુધી કામ કરીને તમે થાકી જાવ છો અને હું થાકી ગયો હતો.'

### વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયા

## નિવૃત્તિની જાહેરાત પછી અરિજીત કોલકાતામાં લાઈવ શોમાં ખુબ ખીલ્યો

### કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમમાં અરિજિતને જોવા માટે ચાહકોની મોટી ભીડ ઉમટી પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,




બોલીવુડના દિગ્ગજ ગાયક અરિજિત સિંહ છેલ્લા કેટલાક દિવસોથી પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિના સમાચારને કારણે સમાચારમાં છે. ગાયકના આ નિર્ણયથી તેમના ચાહકોનું દિલ તૂટી ગયું છે. ચાહકો સહિત અનેક સેલિબ્રિટીઓએ અરિજિતના નિર્ણય પર પ્રતિક્રિયા આપી છે અને પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે. દરમિયાન, પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યાના થોડા દિવસો પછી, અરિજિત કોલકાતામાં પોતાનો પહેલો શો રજૂ કર્યો. રવિવારે, અરિજિતે સિતારવાદક અનુષ્કા શંકર સાથે પ્રદર્શન કર્યુ. ગાયકના પરફોર્મન્સના ઘણા વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં અરિજિતને પરફોર્મ કરતા જોઈને ચાહકો ખૂબ જ ભાવુક થઈ રહ્યા છે.કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં આયોજિત કાર્યક્રમમાં અરિજિતને જોવા માટે ચાહકોની મોટી ભીડ ઉમટી પડી હતી.

આ કાર્યક્રમની વાયરલ ક્લિપમાં, અનુષ્કાએ તેમનું સ્ટેજ પર સ્વાગત કર્યુ, અને ભીડ તાળીઓ અને ઉલ્લાસથી ગુંજી ઉઠી. અરિજિતે ચાહકોને કહ્યું, "હું ખૂબ જ નર્વસ છું. મને આમંત્રણ આપવા બદલ આભાર.અરિજિતે અનુષ્કા અને બિક્રમ ઘોષ સાથે સ્ટેજ પર "માયા ભોરા રાતી" ગાવા માટે જોડાયા, જે લક્ષ્મી શંકર દ્વારા ગાયું હતું અને સ્વર્ગસ્થ સિતારવાદક પંડિત રવિ શંકર દ્વારા રચિત બંગાળી ગીત હતું. અરિજિતે અનુષ્કાના ઘરે જઈને સાથે ગીત રચવા વિશે પણ વાત કરી.લાઈવ શો દરમિયાન, અરિજિત સિંહે અનુષ્કા શર્મા અને નોરાહ જોન્સ સાથે તેમના ગીત "ટ્રેસીસ ઓફ યુ" પર યુગલગીત પણ ગાયું. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, અને યુઝર્સ તેના પર ટિપ્પણી કરી રહ્યા છે. નોંધનીય છે કે થોડા સમય પહેલા જ અરિજીત સિંહે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, "નમસ્તે, બધાને નવા વર્ષની શુભકામનાઓ. વર્ષોથી શ્રોતાઓ તરીકે મને આટલો પ્રેમ આપવા બદલ હું તમારા બધાનો આભાર માનું છું." "મને જાહેરાત કરતા આનંદ થાય છે કે હું પ્લેબેક સિંગર તરીકે કોઈ નવી સોંપણીઓ નહીં લઉં. હું તેને સમાપ્ત કરી રહ્યો છું. આ એક અદ્ભુત સફર રહી છે."

### આમિરના નિવેદને વિવાદ સર્જ્યો

## 'ભારતને વધુ સારા થિયેટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર'

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

ભારતમાં સિનેમા સ્ક્રીન્સની સંખ્યા અંગે ચાલી રહેલી ચર્ચા વધુ તીવ્ર બની છે, ખાસ તો આમિર ખાને ભારતની સ્થિતિની ચીન સાથે સરખામણી કરતાં આ વિવાદે મોટું સ્વરૂપ ધારણ કર્યુ છે. આમિર ખાને કહ્યું હતું કે ચીન સાથે સ્પર્ધા કરવા માટે દેશમાં ઘણાં વધુ સિનેમાઘરોની જરૂર છે.

આમિરના આ નિવેદન પર હવે થિયેટર એક્ઝિબિટર્સ અને વિતરકો તરફથી કડક પ્રતિક્રિયા સામે આવી છે, જેમાંથી એક નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે.આમિર ખાને એક ઈન્ટરવ્યુમાં ભારતીય એક્ઝિબિશન સેક્ટરની માળખાકીય મર્યાદાઓ પર વાત કરી હતી. તેણે કહ્યું કે ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશ માટે હાલની સ્ક્રીન્સની સંખ્યા ખૂબ જ ઓછી છે. આમિરે જણાવ્યું, "ભારત એક વિશાળ દેશ છે, લગભગ એક ખંડ જેટલો મોટો વિસ્તાર છે. દરેક રાજ્યની પોતાની ભાષા, પોતાની સંસ્કૃતિ અને પોતાની ફિલ્મો છે. તેથી મને લાગે છે કે ભારત જેવા દેશમાં ઘણા વધુ સિનેમાઘરો હોવા જોઈએ, જેથી આપણે વધુ લોકો સુધી પહોંચી શકીએ. જો આપણે ચીન સાથે સ્પર્ધા કરવી હોય, તો ત્યાં અંદાજે એક લાખ સ્ક્રીન્સ છે."આગળ આમિરે કહ્યું, "ભારતમાં હાલમાં આશરે ૯,૦૦૦ સ્ક્રીન છે. તો આપણે ચીન સાથે સરખામણી પણ કઈ રીતે કરી શકાય? આઉટલેટ્સની સંખ્યામાં આપણે તેમના કરતાં દસમા ભાગના સ્ક્રીનની જ સુવિધા ધરાવીએ છીએ. એ જ કારણે ચીનમાં એક મોટી ફિલ્મ બે અબજ અમેરિકન ડોલર જેટલો બિઝનેસ કરે છે, એ પણ ફક્ત ચીનમાં જ. જ્યારે આપણે સ્ક્રીનની સંખ્યા વધારીએ, ત્યારે ગ્રાસરૂટ લેવલે બિઝનેસ વિસ્તરે છે અને એક માળખાનો આધાર મજબૂત બને છે."છેલ્લા થોડા વખતમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મમાં રનવીર સિંહની 'ધુરંધર'નું ઉદાહરણ આપતા, આમિરે પ્રશ્ન ઉઠાવ્યો કે વધુ સ્ક્રીન પર રિલીઝ થઈ હોત તો ફિલ્મ કેટલો વધુ બિઝનેસ કરી શકી હોત. "ધુરંધરે આશરે ૧,૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. કલ્પના કરો કે જો તે ૫,૦૦૦ નહીં પરંતુ ૧૫,૦૦૦ સ્ક્રીન પર રિલીઝ થઈ હોત તો? અદભુત! ભારતના અનેક જિલ્લાઓમાં આજે પણ એકપણ સ્ક્રીન નથી."આમિરના નિવેદન પર વિતરક અને એક્ઝિબિટર અક્ષય રાઠીએ તીવ્ર પ્રતિભાવ આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "આદર સાથે પૂછું છું, આમિર ખાન, તમારી છેલ્લી એવી કઈ ફિલ્મ હતી જેને ભારતની ૯,૦૦૦થી વધુ સ્ક્રીન પર રિલીઝ કરવાની જરૂર પડી હતી? કે પછી હિન્દી માર્કેટની ૪,૫૦૦ સ્ક્રીન પર પણ તમે તમારી કોઈ ફિલ્મ રિલીઝ કરી હતી? હેપ્પી પટેલ, લાપતા લેડીઝ, સિતારે જમીન પર જેવી ફિલ્મને મેટ્રો કેન્દ્રિત અને મર્યાદિત રિલીઝ મળી છે અને હાલની એક્ઝિબિશન ચેઈન બાબતે આ વાત જ બિલકુલ અપ્રસ્તુત છે."તેમણે આગળ ઉમેર્યુ, "ભારતીય બિઝનેસ સંસ્થાઓ પાસે તમે જે સુવિધાઓની વાત કરો છો તે ઝડપથી ઉભું કરવાની ક્ષમતા છે, પરંતુ તેનો ઈંધણ એ કન્ટેન્ટ(ફિલ્મ) છે જે ગ્રાસરૂટ લેવલ પર લોકો સાથે જોડાય. તમે 'ધુરંધર'નું ઉદાહરણ આપ્યું, પરંતુ એક વર્ષમાં કેટલી ફિલ્મ એવા આંકડામાં કમાણી છે? શું માત્ર ૩-૪ મોટી ફિલ્મો માટે કરોડો રૂપિયાનું મૂડીરોકાણ કરીને સિનેમાઘરો ઊભા કરી શકાય અને ચલાવી શકાય?"તો અક્ષય રાઠી નામના એક્ઝિબિટરે કહ્યું, "આજે જે પ્રકારનું કન્ટેન્ટ બની રહ્યું છે તેને જોતાં, તમારું નિવેદન મોટી મોટી વાચોની મજાક જેવી લાગે છે. એક્ઝિબિટર તરીકે હું ખાતરી આપું છું કે જો ફિલ્મ સર્જકો શહેરો બહારના ભારતને પણ આકર્ષે તેવી ફિલ્મો બનાવશે, તો અમે વધુ સ્ક્રીન બનાવવામાં કોઈ કસર બાકી રાખીશું નહીં.

## ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,




ગુજરાત સહિત દેશભરમાં ફરી બેક્ક કર્મચારીઓ સહિત ટ્રેડ યુનિયનો આગામી ૧૨ ફેબ્રુઆરીએ હડતાળ પર જઈ રહ્યા છે. અલગ અલગ ટ્રેડ યુનિયનની હડતાળમાં ગુજરાતના ૨૫ હજાર બેક્ક કર્મચારીઓ જોડાશે. બેક્કોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાય તેવી શક્યતા છે. ૧૨મીએ હડતાળ પહેલા ૧૧ ફેબ્રુઆરીએ આશ્રમ રોડ પર બેક્ક એમ્પ્લોયી અને ટ્રેડ યુનિયનનો રેલી યોજી વિરોધ પ્રદર્શન કરશે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો - INTUC, AITUC, HMS, CITU, AIUTUC, TUCC, SEWA, AICCTU, LPF, UTUC એ ૧૨ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકાર દ્વારા હાલના ૨૯ શ્રમ કાયદાઓને બદલે ૪ નવા લેબર કોડ અંગેની તાજેતરની સૂચના અને શ્રમજીવી વર્ગ પર વધતા હુમલાઓના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે.

યુનિયનોનું માનવું છે કે નવા લેબર કોડ હેઠળ, મહેનતથી મેળવેલા અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુનિયન શરૂ કરવું, યુનિયન ચલાવવું, યુનિયનને સ્થિર નેતૃત્વ પૂરું પાડવું, હડતાળનું આયોજન કરવું વગેરે મુશ્કેલ બનશે. તેવી જ રીતે યુવાનો માટે વધુ રોજગારી ઊભી કરવાને બદલે, ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ સ્કીમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે યુવાનોના ભવિષ્યને જોખમમાં મૂકે છે. અત્યારે બેંક કર્મચારીઓ ૫ દિવસની બેક્કિંગ માંગ કરી રહ્યા છે.

જ્યારે બેક્ક સંચાલકો કામના કલાકો વધારવા માટે પ્રસ્તાવ મૂકી રહ્યા છે.

નવા લેબર કોડ આવવાથી યુનિયનો દ્વારા હડતાળ મુશ્કેલ બનશે, માલિકો નવા શ્રમ કાયદા મુજબ કર્મચારીઓને મન ફાવે તેમ છૂટા કરી શકશે. માલિકોને તાળાબંધી અને છટણી કરવાની સત્તા મળશે જેનાથી કામદારોનું વધુ શોષણ થશે. બેક્કિંગ ઉદ્યોગમાં IDBI બેંક વેચવાના પ્રયાસો, આપણી ખાનગી બેંકોને રોકાણકારોને વેચવાના પ્રયાસો, રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ તમામ કારણોને લઈને ૧૦ ટ્રેડ યુનિયન ૧૨મીએ હડતાળ પર જઈ રહ્યું છે અને નવા લેબર કોડનો વિરોધ કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ૧૨મીની આ હડતાળમાં સ્ટેટ બેક્ક સિવાયની તમામ સરકારી બેક્કો, ફેડરલ બેક્ક અને કર્ણાટકા બેક્ક હડતાળમાં જોડાશે. ગુજરાતના ૨૫ હજાર બેક્ક કર્મચારીઓ જોડાશે. બેક્કોની હડતાળના પગલે ગુજરાતમાં ૧૫ હજાર કરોડના વ્યવહારો ખોરવાશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા

# લોકસભામાં અખિલેશ યાદવે ભારત અમેરિકા ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

## સરકાર વારંવાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી રહી છે આ ડીલ બાદ ખેડૂતોનું શું થશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

લોકસભામાં હાલ ભારે હંગામો ચાલી રહ્યો છે. એક તરફ કોંગ્રેસે સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ જાહેર કરી છે.

બીજી તરફ સત્તાપક્ષ તરફથી સંસદીય કાર્યમંત્રી કીરેન રિજુજુએ ફ્લોર લીડર્સ સાથે બેઠક કરી છે. સંસદ શરૂ થતાં જ આઠ કોંગ્રેસના સાંસદોના સસ્પેન્સન મુદ્દે વિપક્ષે ભારે હોબાળો કર્યો હતો.

તેવામાં બપોરે ૧૨ વાગ્યા સુધી તે બાદ ૨ વાગ્યા સુધી સદનની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. બાદમાં સપા સાંસદ અને પ્રમુખ અખિલેશ યાદવે બજેટ અને અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અંગે લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા હતા.

અખિલેશ યાદવે અમેરિકા સામેની ટ્રેડમાં ઢીલ હોવાનો દાવો કરી કહ્યું હતું કે, 'ભાજપ કહી રહ્યું છે કે દુનિયામાં ઘણા દશો સાથે ફ્રી ટ્રેડ ડીલ કરી લેવામાં આવી છે. હું સરકાર પાસે જાણવા માગું છું કે કેટલા દેશ બચ્યા છે જેની સાથે હજુ ફ્રી ટ્રેડ ડીલ બાકી છે. ઘણા લોકો રૂપિયાને લઈને ઉંમર પર સવાલ ઉઠાવી રહ્યા છે તો આ ડીલ બાદ રૂપિયો ક્યાં જશે. જો ડીલ કરવી જ હતી તો પહેલા કેમ ન કરી ૧૧ મહિનાની રાહ કેમ જોઈ, આ ડીલ નહીં સરકારે ઢીલ કરી છે. દેશ જાણવા ઈચ્છે છે કે ૧૮ વધારે છે કે ઝીરો વધારે છે. બજેટ પહેલા બન્યું કે ડીલ?'

આ ઉપરાંત અખિલેશ યાદવે બજેટ પર પણ સવાલો ઊભા કરતાં જણાવ્યું કે, 'બજેટમાં ગરીબ અને પછાત વર્ગ માટે કાઈ છે જ નહીં. આપણે આટલા બજેટ લાવીએ છીએ પણ મફતમાં અનાજ લેતા લોકોની આવક વધારી શકતા નથી. અટલ બિહારી વાજપેયીના નામથી કોઈ એક્સપ્રેસ વે બની રહ્યો હતો, જનતાની સાથે જ તેનું નામ બદલી કાઢવામાં આવ્યું, પહેલા ચંબલ બાદમાં અટલજીના નામ પર..લાગી રહ્યું છે કે બધુ કાગળ પર થઈ રહ્યું છે.'

'સરકાર વારંવાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી રહી છે. આ ડીલ બાદ ખેડૂતોનું શું થશે? જ્યારે બધુ વિદેશથી આવવા લાગશે તો ખેડૂતો શું ઉગાડશે અને શું વેચશે? સરકાર એગ્રી ઈન્ફ્રા, મંડી તૈયાર કરવાની માત્ર વાતો કરી રહી છે. ખેડૂતોને હજુ સુધી MSP ની કાયદાકીય ગેરંટી આપી શકી નથી. સરકાર હર્ટીકલ્ચર ક્રોપ અને દૂધ ઉત્પાદનના આંકડા ગણાવે છે:MSP ની ગેરંટી ક્યારે આપશે. જો ખેડૂતોને કોઈ લાભ નહીં મળે તો તે કેવી રીતે ઘર ચલાવશે. બાળકોને કેવી રીતે ભણાવશે? આજે સોનાના ભાવ ક્યાંથી ક્યાં પહોંચી ગયા છે, પહેલા ગરીબ વિચારતો હતો કે દીકરીની વિદાયમાં સોનાનું કાઈક આપીશું આ સરકાર ચાલતી રહી તો ચાંદી તો દૂર લોખંડ કે પીતળનું વરખ ચઢાવીને પણ દીકરીને વિદાયમાં નહીં આપી શકે.'

### આદિત્યનાથે બાબરી મસ્જિદ અંગે મોટું નિવેદન આપ્યું

# બાબરી મસ્જિદનું માળખું કયામતના દિવસ સુધી ફરી નહીં બને

## બારાબંકીના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી, ભાજપ કાર્યકરો અને સંત સમાજના લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર પ્રદેશ,

બારાબંકીમાં ઉત્તર પ્રદેશના ઝસ યોગી આદિત્યનાથે બાબરી મસ્જિદ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'બાબરી મસ્જિદનું માળખું કયામતના દિવસ સુધી ફરી નહીં બને. અમે કહ્યું હતું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે. મંદિર ત્યાં જ બની ગયું. આજે અમે ફરી કહી રહ્યા છીએ કે, કયામત સુધી બાબરી મસ્જિદ નહીં બને. જે લોકો કયામતના દિવસનું સ્વપ્ન જોઈ રહ્યા છે તે દિવસ ક્યારેય આવવાનો જ નથી. આ સરકાર જે બોલે છે તે કરી દેખાડે છે અને જેટલું કરે છે તેટલું જ બોલે છે. અમે કહ્યું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે, તેમાં કોઈ શંકા છે?'

CM યોગીએ આગળ કહ્યું કે, 'જે લોકો કયામતના દિવસ આવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, તે આમ જ સડી જશે. તે દિવસ ક્યારેય નથી આવવાનો. તેમના સપનાને આપણે આપણા વારસાનું સન્માન કરીને અને ભારત અને સનાતન ધર્મની આ ભવ્ય પરંપરાને આગળ ધપાવીશું.'

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન મોદીએ ૨૫ નવેમ્બરના રોજ અયોધ્યા ધામમાં આવીને સનાતનના પ્રતીક શ્રી રામ મંદિરમાં ભવ્ય કેસરિયા ધ્વજનું આરોહણ કર્યું હતું. આ કેસરિયો ધ્વજ ભારતના આ ગૌરવને હંમેશા આગળ વધારતો રહેશે.

બારાબંકીના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી, ભાજપ કાર્યકરો અને સંત સમાજના લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ ભાજપ સરકારની સિદ્ધિઓનો પણ ગણાવી. તેમણે કહ્યું કે રાજ્યમાં ૧૬ કરોડ પરિવારોને દર વર્ષે પેન્શન આપવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારત અને સનાતન ધર્મ એકબીજાના પૂરક છે, બંનેને અલગ કરીને ન રાખી શકાય. સનાતન ધર્મ પર વિશ્વભરમાંથી થઈ રહેલા પ્રહારથી આપણે સતર્ક રહેવું પડશે. કારણ કે જે લોકોને ભારતની પ્રગતિ સારી નથી લાગી રહી, જે લોકોને ભારતનો વિકાસ પસંદ નથી આવી રહ્યો અને જેઓ વિકસિત ભારતની સંકલ્પનાને પચાવી નથી શકતા તેઓ કાવતરાં ઘડી રહ્યા છે. કેટલાક લોકો ષડયંત્ર કરી રહ્યા છે, કેટલાક ષડયંત્રનો શિકાર બની રહ્યા છે, અને કેટલાક પોતાને વેચીને તેના માટે કામ કરી રહ્યા છે. આપણે આ ત્રણ પ્રકારની દુષ્ટ વૃત્તિઓને રોકવા માટે પોતાને તૈયાર કરવા પડશે.

### કેદારનાથ જનારાં માટે મહત્વના સમાચા

# ખરાબ હવામાનમાં હેલિકોપ્ટર ઉડાન પર પ્રતિબંધ લગાવાયો

## સુરક્ષિત લેન્ડિંગ અને ઉડાન સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરાખંડ,

ઉત્તરાખંડમાં આગામી એપ્રિલ ૨૦૨૬થી શરૂ થનારી ચાર ધામ યાત્રા માટે તંત્રએ અત્યારથી જ તૈયારીઓ તેજ કરી દીધી છે. ખાસ કરીને કેદારનાથ ધામ માટેની હેલિકોપ્ટર સેવાઓને લઈને ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ (UKADA) એ મોટા ફેરફારોની જાહેરાત કરી છે. આ વખતે યાત્રાળુઓની સુરક્ષા અને હવામાનની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે.

UKADAના CEO આશિષ ચૌહાણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૩માં શરૂ થયેલી હેલિકોપ્ટર કંપનીઓની મુદત ૨૦૨૫માં પૂર્ણ થઈ રહી છે. આથી, ૨૦૨૬ની યાત્રા માટે ટૂંક સમયમાં જ નવી ઉડ્ડયન કંપનીઓ માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ વખતે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા જારી કરાયેલ કડક માર્ગદર્શિકાનું પાલન કરવું ફરજિયાત રહેશે. સુરક્ષિત લેન્ડિંગ અને ઉડાન સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક



સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકવામાં આવશે.

સુરક્ષાના કારણોસર લેવાયેલા સૌથી મોટા નિર્ણયમાં, કેદારનાથ માટેની શટલ સેવાઓમાં ૩૦ ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉ દરરોજ અંદાજે ૨૬૪ શટલ ફેરા થતા હતા, જે હવે ઘટાડીને માત્ર ૧૮૪ કરવામાં આવ્યા છે. ખાસ કરીને જ્યારે હવામાન ખરાબ હોય અથવા વિઝિબિલિટી ઓછી હોય, ત્યારે કોઈપણ સંજોગોમાં હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણય ખીણમાં થતા અકસ્માતો રોકવા માટે લેવાયો છે.

દર વર્ષે લાખો ભક્તો બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની મુલાકાત લે છે. પહાડી રસ્તાઓ પર મુસાફરી કરવી મુશ્કેલ હોવાથી મોટી સંખ્યામાં વૃદ્ધો અને અશક્ત લોકો હેલિકોપ્ટર સેવાનો લાભ લે છે. ગુપ્તકાશી, ફાટા અને સિરસી જેવા બેઝ કેમ્પ પરથી આશરે નવ જેટલી કંપનીઓ સેવા પૂરી પાડે છે. નવી ટેન્ડર પ્રક્રિયા બાદ ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં ઓનલાઇન બુકિંગની પ્રક્રિયા પણ શરૂ થવાની સંભાવના છે.

# પંજાબમાં કોલેજનાં વર્ગખંડમાં વિદ્યાર્થિનીની ગોળી મારી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંડીગઢ,

પંજાબનાં તરનાતરન જિલ્લામાં સોમવારે કાયદાનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીએ પોતાની સાથે ભણતી મહિલા વિદ્યાર્થિનીની ગોળી મારી હત્યા કરી હતી અને ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાને પણ ગોળી મારી હતી તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

પોલીસનાં જણાવ્યા અનુસાર અપરાધમાં વાપરવામાં આવેલ શસ્ત્ર ગેરકાયદે હતું. આરોપી ૨૦ વર્ષીય પ્રિન્સ રાજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નાં નિવૃત્ત જવાનનો પુત્ર છે. રાજની સ્થિતિ ગંભીર છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. જ્યારે ૧૯ વર્ષીય સંદીપ કૌરનું ઘટના સ્થળે જ મોત થયું હતું.બંને રાજ અને સંદીપ કૌર તરનતારન જિલ્લાનાં ઉસ્મા ગામમાં માઈ ભાગો લો કોલેજનાં પ્રથમ વર્ષમાં ભણતા હતાં. સંદીપ કૌરનાં પરિવારજનોએ આરોપ મૂક્યો છે કે રાજ છેલ્લા કેટલાક સમયથી સંદીપ કૌરને હેરાન કરતો હતો.

સંદીપની માતા હરજિન્દર કૌરે પ્રશ્ન કર્યો હતો કે એક વિદ્યાર્થી કોલેજમાં બંદૂક લઈને કઇ રીતે આવી ગયો? સંદીપ કૌરનાં અન્ય યુવક સાથે સગાઇ થઇ ગઇ હતી અને તેના તેની સાથે લગ્ન થવાનાં હતાં.ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ જગબીર સિંહે જણાવ્યું હતું કે ક્લાસ શરૂ થવાનો હતો તે પહેલા જ પ્રિન્સે સંદીપ પર ગોળીબાર કર્યો હતો અને ત્યારબાદ પોતાને પણ ગોળી મારી હતી. પોલીસનાં જણાવ્યા અનુસાર પ્રિન્સ રાજને અમૃતસરની ગુરુ નાનક દેવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સ્થિતિ ગંભીર બતાવવામાં આવી રહી છે.

તરન તારનનાં સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ સુરેન્દ્ર લાંબાએ જણાવ્યું હતું કે હત્યા પાછળનો હેતુ જાણવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# એપસ્ટિન ફાઈલ્સ કેસમાં ઈલોન મસ્ક અને ઝુકરબર્ગ પણ ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

જેફરી એપસ્ટિન કેસમાં તાજેતરમાં જાહેર થયેલા દસ્તાવેજોએ ટેક જગત અને વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલી કેટલીક તસવીરોમાં ટેસ્લાના માલિક ઈલોન મસ્ક અને મેટાના CEO માર્ક ઝુકરબર્ગ વર્ષ ૨૦૧૫ની એક વાઈલ્ડ ડિનર પાર્ટીમાં એપસ્ટિન સાથે જોવા મળ્યા છે. આ ખુલાસો એ સમયે થયો છે જ્યારે ઈલોન મસ્ક અગાઉ અનેકવાર કહી ચૂક્યા હતા કે તેઓ ક્યારેય એપસ્ટિનની કોઈ પાર્ટીમાં ગયા નથી.

ઓગસ્ટ ૨૦૧૫માં કેલિફોર્નિયામાં એક ભવ્ય ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર થયેલી તસવીરમાં મસ્ક અને ઝુકરબર્ગ એક લાંબા ટેબલ પર આમને-સામને બેઠેલા જોવા મળે છે. આ ફોટો કથિત રીતે ખુદ એપસ્ટિને જ ક્લિક કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે એપસ્ટિને ૨ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ તેના મિત્ર પીટર એટિયાને ઈમેલ મોકલીને જાણ કરી હતી કે તે તે રાત્રે મસ્ક, ઝુકરબર્ગ અને પેપાલના કો-ફાઉન્ડર પીટર થિએલ સાથે ડિનર કરવાનો છે. બાદમાં ૨૦ ઓગસ્ટે અન્ય એક ઈમેલમાં તેણે આ પાર્ટીને વાઈલ્ડ (અત્યંત રોમાંચક) ગણાવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફોટોની એક કોપી એપસ્ટિને પોતાના મેનહેટનના એપાર્ટમેન્ટમાં લગાવી હતી. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(FBI) દ્વારા કરવામાં આવેલી તપાસમાં કેટલાક નવા પાસા પણ બહાર આવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, વર્ષો સુધી ચાલેલી તપાસ, બેંક રેકોર્ડ્સની ચકાસણી અને પીડિતોના નિવેદનો છતાં એવા કોઈ મજબૂત પુરાવા મળ્યા નથી કે એપસ્ટિન મોટા અને શક્તિશાળી લોકો માટે કોઈ સંગઠિત 'સેક્સ ટ્રાફિકિંગ રિંગ' ચલાવી રહ્યો હતો.

જોકે, એપસ્ટિન પોતે સગીરાઓના યૌન શોષણમાં સામેલ હોવાના પુરાવા મળ્યા હતા, પરંતુ તેના હાઈ-પ્રોફાઈલ મિત્રો આ ગુનામાં સીધી રીતે સામેલ હતા કે કેમ તે અંગે પૂરતા પુરાવા મળ્યા નથી. હાલમાં એસોસિએટેડ પ્રેસ અને અન્ય મીડિયા સંસ્થાઓ લાખો પાનાના આ દસ્તાવેજોની તપાસ કરી રહી છે, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, બિલ ક્લિન્ટન અને બિલ ગેટ્સ જેવા મોટા નામોનો પણ ઉલ્લેખ હોવાનું મનાય છે. આગામી સમયમાં આ મામલે વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# અમેરિકામાં વ્યસ્ત રસ્તા પર પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સોમવારે અમેરિકાના જ્યોર્જિયામાં એક વિમાન વ્યસ્ત રસ્તાની વચ્ચે લેન્ડ થયું હતું. ત્યારબાદ તે અનેક વાહનો સાથે અથડાયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, વિમાનમાં એરપોર્ટ સુધી પહોંચવા માટે કોઈ પાવર બચ્યો નહોતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યો છે, જેમાં વિમાન એક વ્યસ્ત રસ્તા પર ઉતરતું અને પછી અનેક વાહનો સાથે અથડાતું દેખાય છે. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માતમાં ઘણા લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી.પોલીસે જણાવ્યું હતું કે લેન્ડિંગ પછી વિમાનની જમણી પાંખ એક વાહન સાથે અથડાઈ હતી અને વિમાનનું ફ્યુઅલ ટેંક લૂઝ થઈને એક SUVના પાછળના ભાગમાં ઘૂસી ગયું હતું. પ્લેન લેન્ડિંગ બાદ રસ્તાને બંધ કરી દેવામાં આવ્યો હતો અને લોકોને વધુ ટ્રાફિકમાં વિલંબ થવાની જાણ કરાઈ હતી. વિમાન ગેન્સવિલે લી ગિલ્મર મેમોરિયલ એરપોર્ટથી કેન્ટનના ચેરોકી કાઉન્ટી રિજનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અકસ્માત થયો હતો. પ્રસ્થાન પછી થોડા સમય પછી પાયલટને એન્જિનમાં સમસ્યાનો અનુભવ થયો. ત્યારબાદ તેણે ગેઈન્સવિલે તરફ પાછા ફરવાનું નક્કી કર્યું. આ મામલો હાલમાં તપાસ હેઠળ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસે જણાવ્યું હતું કે સિંગલ-એન્જિન પ્લેનનું બ્રાઉન્સ બ્રિજ રોડ અને પર્લ નિક્સ પાર્કવે પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું હતું કે હોકર બીચક્રાફ્ટ BE-૩૬ ઉડાવતા પાયલટે બપોરે ૧૨:૧૦ વાગ્યે એન્જિનમાં ખામીની જાણ કરી હતી.યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અનુસાર, વિમાન ગેઈન્સવિલેના લી ગિલ્મર મેમોરિયલ એરપોર્ટથી રવાના થયું હતું અને કેન્ટનના ચેરોકી કાઉન્ટી રિજનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. NTSB એ જણાવ્યું હતું કે વિમાનમાં એન્જિનમાં ખામી સર્જાઈ હતી અને હવામાં રહેવા માટે પૂરતી શક્તિનો અભાવ હતો. આના કારણે વિમાનને રસ્તા પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. રસ્તો વ્યસ્ત હતો, એટલે કે વાહનો તેના પર આગળ વધી રહ્યા હતા. ઈમરજન્સી લેન્ડિંગ પછી વિમાન ત્રણ વાહનો સાથે અથડાયું હતું.

NTSB એ જણાવ્યું હતું કે, "ટેકઓફ કર્યાના થોડા સમય પછી પાયલટને એન્જિનમાં ખામી હોવાની જાણ થઈ હતી.

એર ટ્રાફિક કંટ્રોલ દ્વારા પ્રાપ્ત થયેલા ઓડિયોમાં પાયલટ મદદ માંગી હતી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં વિમાન વ્યસ્ત રસ્તા પર ઉતરતું અને પછી અનેક વાહનો સાથે અથડાતું દેખાય છે.

### અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો

# અયોધ્યા રામ મંદિર પર હુમલાનું કાવતરું ઘડનારાની જેલમાં હત્યા

## અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા,

હરિયાણાની ફરીદાબાદ જેલમાં બંધ અયોધ્યા રામ મંદિર પર કથિત રીતે હુમલાનું કાવતરું ઘડનાર અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી છે. ૧૯ વર્ષીય અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો. માર્ચ ૨૦૨૫માં હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS)એ તેની ધરપકડ કરી હતી. રવિવારે રાત્રે ૮:૦૦ વાગ્યે ફરીદાબાદ જિલ્લા જેલમાં અબ્દુલ રહેમાન પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાથી કેદી અરુણ ચૌધરીએ તેના માથા પર તીક્ષ્ણ વસ્તુ કે પથ્થરથી ગંભીર પ્રહાર કર્યો હતો. હુમલા બાદ અબ્દુલ રહેમાનને સારવાર માટે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ કેસમાં નવો વળાંક આવ્યો છે. રોહિત ગોદારા ગેંગ તરફથી ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા પર એક પોસ્ટ સામે આવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રોહિત ગોદારા ગેંગના સભ્ય મહેન્દ્ર ડેલાનાએ હત્યાના આરોપી અરુણ ચૌધરીનું સમર્થન વ્યક્ત કર્યું છે. ડેલાનાએ લખ્યું કે, જે પણ દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. તેની ધરપકડ દરમિયાન સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ અબ્દુલ રહેમાન પાસેથી બે હેન્ડ ગ્રેનેડ રિકવર કર્યા હતા. અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો. બે દિવસ પહેલા જ તેનો પરિવાર તેની સાથે મુલાકાત કરીને અયોધ્યા પરત ફર્યો હતો. તપાસ એજન્સીઓએ અબ્દુલ રહેમાન પર રામ મંદિર સંકુલ પર ગ્રેનેડ હુમલાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો.

મહેન્દ્ર ડેલાનાએ પોસ્ટમાં લખ્યું કે, 'રામ રામ ભાઈઓ હું મહેન્દ્ર ડેલાના (રોહિત ગોદારા ગ્રુપ). ભાઈઓ કાલે રાત્રે ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી, જે એક આતંકવાદી હતો અને રામ મંદિર પર હુમલો કરવાની પ્લાનિંગમાં સામેલ હતો. જ્યારે તેની ફરીદાબાદમાં ધરપકડ કરવામાં આવી હતી ત્યારે તેની પાસેથી ૨ ગ્રેનેડ મળ્યા હતા અને તે દેશ વિરુદ્ધ અનેક આતંતવાદી પ્રવૃતિઓમાં સામેલ હતો. ભાઈ અરુણ ચૌધરીએ તેને તેના અંજામ સુધી પહોંચાડ્યો, અને તેનો દિલથી આભાર માનીએ છીએ. જે પણ અમારા દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. ભાઈ અરુણ ચૌધરીને અમે દિલથી સલામ કરીએ છીએ.'

બીજી તરફ જેલમાંથી ફોન આવ્યા બાદ અબ્દુલ રહેમાનનો પરિવાર ફરીદાબાદ જવા રવાના થઈ ગયો હતો. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. અબ્દુલ રહેમાનની ૨ માર્ચ, ૨૦૨૫ના રોજ હરિયાણાના પાલી ગામ નજીક બે હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસે રામ મંદિર સંબંધિત વિગતો ધરાવતા વીડિયો પણ મળી આવ્યા હતા. અબ્દુલ રહેમાન તેના પરિવારનો એકમાત્ર વારસદાર હતો.

### CM હિમંતાનું મોટું પગલુ

# ગૌરવ ગોગોઈ સહિત ૩ નેતાઓ પર ૫૦૦ કરોડનો માનહાનિ કેસ દાખલ

## સરમાનો આરોપ છે કે આ નેતાઓએ જમીન સંબંધિત મામલામાં તેમની સામે ખોટા અને દ્વેષપૂર્ણ આરોપો લગાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)આસામ,

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોંગ્રેસના નેતાઓ પર મોટો કાનૂની હુમલો કર્યો છે જેમાં તેમણે ૫૦૦ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે. મુખ્યમંત્રીએ આ કેસ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને આસામ કોંગ્રેસના પ્રમુખ ગૌરવ ગોગોઈ સામે દાખલ કર્યો છે. સરમાનો આરોપ છે કે આ નેતાઓએ જમીન સંબંધિત મામલામાં તેમની સામે ખોટા અને દ્વેષપૂર્ણ આરોપો લગાવ્યા છે.

ગયા અઠવાડિયે ગૌરવ ગોગોઈએ દાવો કર્યો હતો કે કોંગ્રેસની તપાસમાં ખુલાસો થયો છે કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા અને તેમના પરિવારના સભ્યોએ રાજ્યભરમાં આશરે ૧૨,૦૦૦ વીઘા જમીન પર અતિક્રમણ કર્યું છે. આ આરોપથી આસામમાં રાજકીય ખળભળાટ મચી ગયો.

ગોગોઈના આરોપોના થોડા કલાકો પછી, મુખ્યમંત્રી શર્માએ સ્પષ્ટ કર્યું કે તેઓ પુરાવા વિના લગાવવામાં આવેલા આરોપો સામે માનહાનિનો દાવો દાખલ કરશે. ત્યારબાદ મંગળવારે, તેમણે કોર્ટમાં ૫૦૦ કરોડના નુકસાનની માંગણી માટે દાવો દાખલ કર્યો. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે આજે મેં કોંગ્રેસના નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને ગૌરવ ગોગોઈ સામે ૫૦૦ કરોડના નુકસાનની માંગણી કરતો માનહાનિનો કેસ દાખલ કર્યો છે. આ નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા મારા વિરુદ્ધ ખોટા, દ્વેષપૂર્ણ અને બદનક્ષીભર્યા આરોપો લગાવ્યા હતા. સરમાએ અગાઉ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે તેઓ ગાંધી પરિવારના ગુલામો દ્વારા કરવામાં આવતા પ્રચાર, બદનક્ષીના પ્રયાસો અથવા રાજકીય નાટકથી ડરશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે હિટ-એન્ડ-રન રાજકારણનો યુગ સમાપ્ત થઈ ગયો છે. જો તેમની પાસે કોઈ હિંમત કે પુરાવા હોય, તો તેમણે તેને કોર્ટમાં રજૂ કરવા જોઈએ.

આસામના રાજકારણમાં હિમંતા સરમા અને ગૌરવ ગોગોઈ વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. મુખ્યમંત્રીએ તાજેતરમાં આરોપ લગાવ્યો હતો કે ગૌરવ ગોગોઈ અને તેમની બ્રિટિશ પત્ની, એલિઝાબેથ કોલબર્ન, પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ સાથે ગાઢ સંબંધો ધરાવે છે, અને ભય વ્યક્ત કર્યો હતો કે આનાથી સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને લીક થઈ શકે છે.

જોકે કોંગ્રેસે આ આરોપોનો જવાબ આપતા કહ્યું કે મુખ્યમંત્રી પાસે તેમના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ દસ્તાવેજી પુરાવા નથી અને તેમણે પોતાની સમજશક્તિ ગુમાવી દીધી છે.

## દશાડાના વિવાદીત PI વાય.જી.ઉપાધ્યાયની બદલી

સુરેન્દ્રનગર જિલ્લાના દશાડા તાલુકામાં વિવાદોમાં ઘેરાયેલા PI વાય.જી. ઉપાધ્યાયની અંતે બદલી કરવામાં આવી છે. તેમને દશાડાથી સાયલા ખાતે બદલી કરાતા વિસ્તારમાં લાંબા સમયથી ચાલતો વિવાદ શમ્યો છે. ઉલ્લેખનીય છે કે દશાડાના વાલેવડા ગામે દારૂની બાતમીના આધારે કરવામાં આવેલી રેડ દરમિયાન PI ઉપાધ્યાય દ્વારા ગ્રામજનો સાથે ગેરવર્તન કરાયું હોવાના આરોપો લાગ્યા હતા.

પશ્ચિમ રેલ્વે
કોચ માટે પાણી સ્તર સૂચકની જોગવાઈ
SR.CDO-MMCT ટેન્ડર સૂચના નં.: BCT-Div-WLI-2026 તારીખ 06.02.2026 કામ અને સ્થાન: મુંબઇ સેન્ટ્રલ ડિવિઝનના અંડર સ્લંગ ટાંકીવાળા કોચ માટે પાણીના સ્તર સૂચકની જોગવાઈ. કામની અંદાજિત કિંમત: ₹ 3,06,51,240.20 EMD: ₹3,03,300/- જમા કરાવવાની તારીખ અને સમય: તા. 06.03.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 06.03.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.
1102
અમને ફોલો કરો: X.com/WesternRly

**જાહેર નોટીસ**

**જાહેર નોટીસ આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદ : ૬ (નરોડા) ના તાલુકા : સાબરમતીમાં આવેલ મોજે ગામ : મોટેરાની સીમના સવે નં. ૨૨૩ ની બીનખેતીના ઉપયોગવાળી જમીન ઉપર આવેલ ''રીમાપાક કો.ઓ.હા.સો.લી'' (રજી. નં. ઘ૮૪૮૬ તા.૫/૧૧/૮૦) મા આવેલ ટેનામેન્ટો પૈકી ટેનામેન્ટ નં. બી/૫૬ જે ૪૯.૩૮ ચો.મી. બાંધકામવાળી મિલકત અંગે શેર સટી ફીકેટ નં. ૬૧ શેર નં. ૩૦૧ થી ૩૦૫ વાળું ભારતીબેન નવનીતલાલ પંચોલી થી ઈસ્યુ કરેલ છે. અને સોસાયટી દવારા ઈસ્યુ થયેલ શેરસટી ફીકેટ શરતચુકથી ખોવાઈ/મુકાઈ ગયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર માંગેલ છે. ઉપરોકત શેર સટી ફીકેટ ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, નાણાકીય સંસ્થા કે કો.ઓ. બેંક કે રાષ્ટ્રીયક ત બેંક કે અન્ય કોઈએ ધીરાણ આપેલ હોય કે અન્ય કોઈપણ રીતે નાણાકીય લેવડ દેવડ કરેલ હોય કે તેમનો મોગે જ લીયન, ચાજ , બોજો કે અન્ય કોઈ હકક રહેલો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ મા તેમના વાંધાઓની પુરાવા સહીત જાણ અમોને નીચેના સરનામે રજી. એ.ડી. થી કરવી. જો તેમ કરવામા નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો રહેશે નહિં.**

કમલ જી. બ્રહમભટ્ટ (એડવોકટ)
M/s.BRAHMBHATT & ASSOCIATES
૧૩, સીમંધર કોમ્પલેક્ષ,
રામનગર,સાબરમતી, અમદાવાદ
(મો)૯૦૩૩૦૯૧૭૭૬

મહેસૂલ વિભાગનો મહત્ત્વનો નિર્ણય

# ૭ વર્ષ બાદ ફરી તલાટીઓ વસૂલશે મહેસૂલ, સિટી સર્વે કચેરીનો બોજ હળવો થયો

## મહેસૂલ વસૂલવાની સત્તા કોના માથે તે અંગે છેલ્લા સાત વર્ષથી વિવાદ ચાલતો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજયભરમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારમાં મહેસૂલની વસૂલાતની સત્તા તલાટીઓ પાસેથી આંચકી સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ આ સત્તા ફરીથી સાત વર્ષે પંચાયત તલાટીઓને સોંપવાનો નિર્ણય સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક દ્વારા લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૧૮માં પ્રસિધ્ધ થયેલા જાહેરનામા મુજબ મહેસૂલ ઉઘરાવવાની સત્તા તલાટીઓ પાસે હતી તે સત્તા તેઓ પાસેથી લઈને સિટી સર્વે કચેરીના મેન્ટેનન્સ સર્વેયરોને સોંપવામાં આવી હતી. મેન્ટેનન્સ સર્વેયરોને મહેસૂલ ઉઘરાવવાની સત્તા અપાતા જ શરૂઆતથી જ વિરોધનો વંટોળ શરૂ થયો હતો. પ્રોપર્ટીકાર્ડ બનાવવા ઉપરાંત માપણી સહિતની કામગીરી તેમજ ઓછો સ્ટાફ હોવાથી કામના બોજના કારણે મહેસૂલની ઉઘરાણી મુશ્કેલ બનતી હતી.આ અંગે ઉચ્ચ કક્ષાએ સિટી સર્વે કર્મચારીઓ દ્વારા રજૂઆતો પણ કરવામાં આવી હતી. દરમિયાન તા.૫ ફેબ્રુઆરીના રોજ સેટલમેન્ટ કમિશનરે એક પરિપત્ર બહાર પાડી તમામ જિલ્લા કલેકટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓને મોકલવામાં આવ્યો હતો. આ નવા પરિપત્રના નિયમો મુજબ હવે મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર સિવાયના અને સિટી સર્વે સહિતના તમામ વિસ્તારોમાં બિનખેતીની ગામ નમૂના નંબર-૨ની વસૂલાત પહેલાની જેમ જ પંચાયત વિભાગ દ્વારા એટલે કે તલાટીઓ દ્વારા કરવાની રહેશે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, અગાઉ જયારે જાહેરનામું બહાર પડાવામાં આવ્યું હતું. ત્યારે જ સિટી સર્વે કચેરીઓએ માત્ર પરિવર્તનીય વિસ્તાર સ્પષ્ટ લખ્યું હતું પરંતુ તેનો અર્થ અલગ થતા તલાટીઓ દ્વારા વસૂલાતી મહેસૂલની રકમ સિટી સર્વે કચેરીઓના મેન્ટનન્સ સર્વેયરોના માથે નાખી દેવામાં આવી હતી. મહેસૂલ વસૂલવાની સત્તા કોના માથે તે અંગે છેલ્લા સાત વર્ષથી વિવાદ ચાલતો હતો. અગાઉ જાહેરનામા મુજબ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર એટલે કે સૂચિત સોસાયટીઓની મિલકતોનું મહેસૂલ વસૂલવા માટેની સત્તા સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ તેનો અર્થ અલગ કરીને તમામ મહેસૂલ વસૂલવાની કામગીરી સિટી સર્વે કચેરીઓના માથે નાંખી દેવાઈ હતી જેમાં સુધારો કરી નવો પરિપત્ર બહાર પાડવાની ફરજ પડી છે. હવે માત્ર સૂચિત સોસાયટીઓનું જ મહેસૂલ સિટી સર્વે કચેરીઓ કરશે.

# અમદાવાદ એરપોર્ટ પર ૬.૮ કિલો હેરોઈન ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર માદક પદાર્થ લાવનાર એક વ્યક્તિ ઝડપાયો છે. મલેશિયાથી અમદાવાદ આવતો એક વ્યક્તિ પ્રતિબંધિત હેરોઈન લાવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટને મોટી સફળતા મળી છે. અમદાવાદ એરપોર્ટ પર ૬.૮ કિલો હેરોઈન સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. એર એશિયા ફ્લાઈટ નંબર છ્દ્ભ-૯૧દ્વારા કુઆલાલંપુરથી આવતા એક પુરૂષને અટકાવી તપાસ કરતા હેરોઈન મળી આવ્યું હતું.

એરપોર્ટ પર મુસાફરની તપાસ કરતા પ્રતિબંધિત માદક પદાર્થના ૨૯ પેકેટ મળી આવ્યા હતા. આ હેરોઈન ૬.૮ કિલો હોવાનું સામે આવ્યું છે. આ માદક દ્રવ્યો કુદરતી સાબુ અને હર્બલ સાબુના બારના રૂપમાં છુપાવવામાં આવ્યું હતું. જેમાં સાબુના પેકેજિંગ બોક્સમાં પેક કરવામાં આવ્યા હતા. આ ફ્લાઈટ મલેશિયાની રાજધાની કુઆલાલંપુરથી અમદાવાદ આવી હતી. આ વ્યક્તિએ હેરોઈન ઝડપાય નહીં તે માટે ચાંદીના વરખ અને કાર્બન પેપરમાં લપેડ્યા હતા. તપાસમાં આ બોક્સમાં હેરોઈન હોવાનું સામે આવ્યું હતું. કુલ ૩૬ સાબુના કદના બોક્સ અને ૩ સફેદ કવરમાં છુપાવેલું ૬.૮ કિલો શંકાસ્પદ હેરોઈન NDPS એક્ટ હેઠળ જપ્ત કરી મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.

# ST બસનું ટાયર ફરી વળતા BCAના વિદ્યાર્થીનું કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરતમાં વસ્તાદેવડી રોડ પર સોમવારે સાંજે હૈયું વલોવી દેતો અકસ્માત થયો હતો. મોપેડ ચાલક GSRTCની વોલ્વો બસને ઓવરટેક કરી રહ્યો હતો તે દરમિયાન સામેથી બાઈક આવી જતાં યુવકનું મોપેડ લપસી ગયું હતું. અકાળે તે ત્યાંથી પસાર થતી GSRTCની વોલ્વો બસના ટાયરમાં આવી ગયો હતો. જેથી તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.પ્રાથમિક વિગતો મુજબ, ૨૦ વર્ષીય જશ બુંદેલા છાપરાભાઠા સ્થિત જે.ઝેડ. શાહ કોલેજમાં ભણતો હતો. ૯ ફેબ્રુઆરીની સાંજે આશરે ૪.૩૦ વાગ્યે તે કોલેજથી છૂટીને વસ્તાદેવડી રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન સિંગલ રોડ પર તેને GSRTCની વોલ્વો બસની ઓવરટેકનો પ્રયાસ કર્યો હતો. પણ સામેથી એક બાઈક આવતા તેને અચાનક બ્રેક મારી હતી જેથી મોપડ સ્લીપ થઈ ગયું હતું. આંખના પલકારે બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે જશનું મોપડ સ્લીપ થતાં તે નીચે પટકાયો હતો અને બાજુમાંથી પસાર થઈ રહેલી GSRTCની વોલ્વો બસનું પાછલું ટાયર તેના પર ફરી વળ્યું હતું. તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. લોહીલુહાણ હાલતમાં જોતાં જ રાહદારીઓએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

જહાંગીરાબાદ કેનાલ રોડ પર આવેલી 'શ્રીકોન વિંગ્સ'માં રહેતા ગિરીશભાઈ બુંદેલા, જેઓ સિક્યોરિટી સુપરવાઇઝર તરીકે જવાબદારી નિભાવે છે, મૃતક યુવક જશ તેમનો એકના એક દીકરો હતો. અકસ્માત અંગે પોલીસને જાણ કરવામાં આવતા મહીધરપુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટાઈમ ટેબલ અને પેપર સ્ટાઈલ જાહેર

# ધો. ૩ થી ૮ ની પરીક્ષા ૬ એપ્રિલથી શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગાંધીનગરથી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'દ્વિતીય સત્રાંત કસોટી' એટલે કે વાર્ષિક પરીક્ષાનું બ્યુગલ હવે સત્તાવાર રીતે વાગી ગયું છે. 'ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' દ્વારા પરીક્ષાનું સત્તાવાર સમયપત્રક જાહેર કરી દેવામાં આવ્યું છે. રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર (Private) શાળાઓમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી આગામી ૬ April ૨૦૨૬ થી ૨૨ April ૨૦૨૬ દરમિયાન પરીક્ષાઓ યોજવામાં આવશે.

GCER ના પરિપત્ર મુજબ, પરીક્ષા બે અલગ-અલગ તબક્કામાં અને સમય મુજબ લેવામાં આવશે. જેમાં ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૬ April થી શરૂ થઈને ૧૧ April સુધી ચાલશે. આ પરીક્ષાનો સમય સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ વિદ્યાર્થીઓ માટે કુલ ૪૦ માર્ક્સનું પેપર રહેશે અને મહત્વની વાત એ છે કે તેમણે જવાબો 'પ્રશ્નપત્રમાં જ' લખવાના રહેશે, અલગ ઉત્તરવહી આપવામાં આવશે નહીં. બીજી તરફ, ધોરણ ૬ થી ૮ (Std 6 to ૮) ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૩ April થી શરૂ થઈને ૨૨ April સુધી ચાલશે. તેમનો સમય સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે અને પેપર કુલ ૮૦ માર્ક્સનું રહેશે. આ ધોરણના વિદ્યાર્થીઓએ જવાબો અલગ 'ઉત્તરવહી' (Answer Sheª) માં લખવાના રહેશે. આ વ્યવસ્થા વિદ્યાર્થીઓની વય અને ક્ષમતા મુજબ ગોઠવવામાં આવી છે.

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' (NEP) ને ધ્યાનમાં રાખીને આ વર્ષે પ્રશ્નપત્રના પરિરૂપ એટલે કે 'પેપર સ્ટાઈલ' (Paper Style) માં પણ મહત્વનો અને મોટો બદલાવ કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ, આ વખતની પરીક્ષામાં કુલ પ્રશ્નોના ૩૦% પ્રશ્નો 'પરખ' (PARAKH) રાષ્ટ્રીય સર્વેક્ષણ અંતર્ગત 'લર્નિંગ આઉટકમ' (Learning Outcome - LO) આધારિત પૂછવામાં આવશે. એટલે કે ગોખણપટ્ટીને બદલે વિદ્યાર્થીની સમજશક્તિ ચકાસવામાં આવશે.

અભ્યાસક્રમની વાત કરીએ તો, પરીક્ષામાં નવેમ્બરથી માર્ચ સુધીનો દ્વિતીય સત્રનો 'અભ્યાસક્રમ' ધ્યાને લેવામાં આવશે. શિક્ષણ વિભાગે ખાનગી શાળાઓ માટે પણ કડક સૂચનાઓ જારી કરી છે. સ્વનિર્ભર શાળાઓએ પણ મુખ્ય વિષયો જેવા કે ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણના પેપર GCERT ના ફોર્મેટ મુજબ જ તૈયાર કરવાના રહેશે અને તે જ સમયે પરીક્ષા લેવી ફરજિયાત રહેશે.અન્ય એક મહત્વના નિર્ણયમાં, જો પરીક્ષાના દિવસો દરમિયાન કોઈ જિલ્લામાં 'સ્થાનિક રજા' જાહેર કરાઈ હોય, તો તે રદ ગણીને પણ નક્કી કરેલા ટાઈમ ટેબલ મુજબ પરીક્ષા લેવી પડશે. જોકે, 'સમાવેશી શિક્ષણ' અંતર્ગત દિવ્યાંગ બાળકો માટે પરીક્ષામાં વિશેષ છૂટછાટ અને નિયમોનું પાલન કરવાનું રહેશે, જેથી તેઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે.

પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ શાળાઓ તરત બંધ નહીં થાય. વેકેશન પહેલાં વિદ્યાર્થીઓને આગામી 'પરખ' સર્વેક્ષણ માટે તૈયાર કરવા વાંચન, લેખન અને ગણનની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ સમગ્ર કવાયતનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણને મજબૂત કરવાનો છે.

# આવાસ યોજનામાં ભાડુઆત રાખનારા માલિકો સામે તવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર,

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જરૂરિયાતમંદોને ફાળવવામાં આવેલા મકાનોનો ધંધાદારી ઉપયોગ કરનારા તત્વો સામે ભાવનગર મહાનગરપાલિકાએ કડક અભિગમ અપનાવ્યો છે. તરસમિયા-ખારસી વિસ્તારમાં આવાસ ભાડે આપવાના ચાલતા મસમોટા નેટવર્ક પર તંત્રએ દરોડા પાડી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.મનપાની ટીમ દ્વારા તરસમિયા ખારસી વિસ્તારની આવાસ યોજનામાં હાથ ધરવામાં આવેલા આકસ્મિક સર્વેમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે.કુલ ૯૨ આવાસ માલિકોનો સર્વે કરવામાં આવ્યો હતો.આ સર્વે દરમિયાન જાણવા મળ્યું કે ૩૩ મકાનોમાં મૂળ લાભાર્થીઓને બદલે અન્ય લોકો (ભાડુઆતો) વસવાટ કરી રહ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિયમો મુજબ, લાભાર્થી પોતાનું આવાસ કોઈને ભાડે આપી શકતો નથી કે વેચી શકતો નથી.મનપાના આવાસ વિભાગે આ મામલે તુરંત એક્શન લેતા માલિકો અને ભાડુઆતો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તમામ ૩૩ આવાસના માલિકો અને ત્યાં રહેતા ભાડુઆતોને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ૭ દિવસની અંદર આ મકાનો ખાલી કરી દેવાના રહેશે.

# આજથી જૂનાગઢમાં શિવરાત્રિના મેળાનો પ્રારંભ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ,

દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢમાં ભવ્ય શિવરાત્રિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલથી પાંચ દિવસ ચાલનારા મેળાની શરૂઆત થશે. મહાશિવરાત્રિના મેળા પર મોટી સંખ્યામાં લોકો જૂનાગઢ પહોંચતા હોય છે. જૂનાગઢ પહોંચવા માટે લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ગુજરાત એસટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.૧૧ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી ગિરનારની ગોદમાં મહાશિવરાત્રિના મેળાનું આયોજન થવાનું છે. ગુજરાત એસટી દ્વારા જૂનાગઢ રૂટ પર વધારાની બસો દોડાવવામાં આવશે. ગુજરાત એસટી દ્વારા અંદાજે ૧૯૫ જેટલી વધુ બસો સાથે કુલ ૭૮૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે ૩.૭૦ લાખથી વધુ મુસાફરોને સુવિધા મળી રહેશે.જૂનાગઢના ભવનાથમાં આયોજીત મહાશિવરાત્રિના મેળાને મિનિ કુંભ મેળા તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે મેળાને વધુ ભવ્ય અને ઐતિહાસિક બનાવવામાં આવ્યો છે. લાખોની સંખ્યામાં ભક્તો જૂનાગઢ પહોંચવાના છે. ગુજરાત એસટી દ્વારા જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી જવા માટે ૮૦ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.


